# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-05-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# 1 NATION 1 ELECTION COMMITTEE

એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગે રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિ – JPCના સભ્યોએ આજે ગાંધીનગરમાં બાર કાઉન્સિલ ઑફ ગુજરાતના પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત કરી. રાજ્યના પ્રવાસના ત્રીજા અને છેલ્લા દિવસે સમિતિના સભ્યોએ ગિફ્ટ સિટી ક્લબ ખાતે આ પ્રતિનિધિમંડળ તેમજ વરિષ્ઠ પત્રકારો સાથે વિવિધ મુદ્દા પર ચર્ચા કરી.

ઉલ્લેખનીય છે કે, એક રાષ્ટ્ર એક ચૂંટણી વિધેયક અંગે ગુજરાતનો મત જાણવા લોકસભા સાંસદ પી. પી. ચૌધરીના વડપણ હેઠળના JPCના સભ્યો મંગળવારથી રાજ્યના પ્રવાસે છે. ગઈકાલે રાજ્ય સરકારે આ વિધેયકને સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું હતું.

# BRICS GANDHINAGAR

બ્રિક્સ 2026ના ભારતની અધ્યક્ષતામાં બ્રિક્સ ન્યાય મંત્રીઓની બેઠક ગાંધીનગરમાં શરૂ થઈ છે, જેમાં પ્રતિનિધિમંડળના વડાઓ અને સભ્ય દેશોના પ્રતિનિધિઓ મંત્રી સ્તરની ચર્ચામાં ભાગ લઈ રહ્યા છે. કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલે આજે બ્રાઝિલ, ચીન, ભારત, ઇજિપ્ત, ઇથોપિયા, ઈરાન, ઇન્ડોનેશિયા, રશિયા, દક્ષિણ આફ્રિકા અને સંયુક્ત આરબ અમીરાતના પ્રતિનિધિમંડળોનું સ્વાગત કર્યું.

# DAMAN HYPERTENSION

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તેમજ દમણ અને દીવના આરોગ્ય વિભાગ દ્વારા વર્લ્ડ હાયપરટેન્શન મહિના નિમિત્તે વિવિધ આરોગ્ય જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તે અંતર્ગત આજે નાની દમણ ટેક્સી સ્ટેન્ડ ખાતે પર્યટકો, ટેક્સી ડ્રાઇવર અને સ્થાનિક નાગરિકો માટે વિશેષ આરોગ્ય કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગે દમણ નગર પાલિકાના પ્રમુખ દીપિકા ટંડેલે પ્રતિક્રિયા આપી.

(BYTE : DIPIKA TANDEL, NAGARPALIKA PRAMUKH)

# BULLET TRAIN SPAN

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ ભરૂચ જિલ્લાના ત્રાલસી ગામ નજીક સ્ટીલ બ્રિજના 130 મીટર લાંબા સ્પાનનું સફળતાપૂર્વક લોન્ચિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ સાથે 330 મીટર લાંબા સ્ટીલ બ્રિજમાંથી 230 મીટરનું નિર્માણકાર્ય પૂર્ણ થયું છે. આ સ્ટીલ બ્રિજ ત્રણ સ્પાન ધરાવતો બ્રિજ છે. 130 મીટર લાંબા આ સ્પાનને જમીનથી આશરે 14 મીટરની ઊંચાઈએ અસ્થાયી ટ્રેસ્ટલ્સ પર એસેમ્બલ કરવામાં આવ્યો હતો અને બે સેમી-ઓટોમેટિક જેકની મદદથી સ્વચાલિત પદ્ધતિ દ્વારા આગળ ધપાવવામાં આવ્યો હતો.

# CHHOTA UDEPUR MAHUDA

છોટાઉદેપુર જિલ્લામાં મહુડાના ફૂલમાંથી બનતું પરંપરાગત સૂપ આજે પણ લોકોના આહાર અને આરોગ્ય માટે મહત્વનો ભાગ બન્યું છે. આદિવાસી સમાજ દ્વારા વર્ષોથી ઉપયોગમાં લેવાતું મહુડાનું સૂપ પૌષ્ટિક તેમજ આયુર્વેદિક ગુણોથી ભરપૂર માનવામાં આવે છે. આ અંગે એક સ્થાનિક મહિલાએ પ્રતિક્રિયા આપી.

(BYTE: NIRALI RATHVA, STHANIK MAHILA)

# BOTAD RIVER CLEAN

બોટાદ જિલ્લાની ગઢડા  નગરપાલિકા દ્વારા પવિત્ર  ઘેલો  નદી  સાફ કરવાના અભિયાનનો પ્રારંભ કરાયો. સંતો અને નગરપાલિકા પ્રમુખે શ્રીફળ વધેરી કામગીરીની શરૂઆત કરાવી. અંદાજે 20 લાખના ખર્ચે ઘેલો નદીને સ્વચ્છ કરવામાં આવશે. ત્યારબાદ 6 કરોડના ખર્ચે રીવરફ્રન્ટની કામગીરી શરૂ થશે તેમ ચીફ ઓફિસરે જણાવ્યું.

# MEHSANA WATER PLANT

મહેસાણાના ખેરવા ગામમાં ગંદા પાણીને શુદ્ધ કરવા એરોબિક બ્રેફિલ્ડ રિએક્ટર પ્લાન્ટનું નિર્માણ કરાયું છે. તેના થકી ગ્રામ્ય વિસ્તારોમાં વેડફાઈ જતા અને ગંદા પાણીનું વૈજ્ઞાનિક ઢબે વ્યવસ્થાપન કરી તેને શુદ્ધ કરીને ભૂગર્ભમાં ઉતારવામાં આવી રહ્યું છે. પાંચ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલો આ પ્લાન્ટ દ્વારા પાંચ તબક્કામાં પાણીનું શુદ્ધિકરણ કરાય છે.

આ અંગે જિલ્લા ગ્રામ એજન્સીનાં પ્રભારી નિયામક હર્ષનિધિ શાહે કહ્યું, આ કામગીરીથી ગામના ભૂગર્ભ જળના સ્તર ઉંચા આવશે. મચ્છરોના ઉપદ્રવમાંથી મુક્તિ મળશે અને બીજા ગામને પ્રેરણા મળશે.

# WEATHER

રાજ્યના કેટલાક જિલ્લામાં મહત્તમ તાપમાન હજી પણ 40 ડિગ્રી સેલ્સિયસથી વધુ રહ્યાના અહેવાલ છે. ગત 24 કલાકમાં સૌથી વધારે 44 ડિગ્રી સેલ્સિયસ તાપમાન અમદાવાદમાં નોંધાયું છે.

દરમિયાન હવામાન વિભાગે આવતીકાલે ગીર સોમનાથ, અમરેલી, નવસારી, ડાંગ તેમજ દમણ અને દાદરા નગર હવેલી વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.